# છેલ્લા ૧૦ વર્ષથી વરાછા પો.સ્ટે.ના ડુપ્લીકેટ ભારતીય ચલણી નોટના ગુનામાં નાસતા–ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર વિસ્તારમાં ગુન્હા આચરી  ઘણા સમયથી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા એસ.ઓ.જી. ના પોલીસ માણસો  પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન PSI વી.સી.જાડેજા તથા ASI અનિલભાઈ વિનજીભાઈ નાઓને મળેલ બાતમી આધારે એસ.ઓ.જી.ના ASI અનિલભાઈ વિનજીભાઈ, HC દામજીભાઈ ધનજીભાઈ, PC હર્ષદભાઈ નવઘણભાઈ, PC અશોકભાઈ લાભુભાઈ નાઓએ વરાછા પો.સ્ટે. । ગુ.ર.નં. ૩૪/૨૦૧૦ ઈ.પી.કો. કલમ ૪૮૯(ક),(ખ),(ગ), ૧૨૦(બી) મુજબના ગુનામાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતો ફરતો આરોપી શામળાભાઈ સેંધાભાઈ રબારી રહે.ઘર નં.૧, તીર્થવીલાની બાજુમાં રાજનભાઈ શાહના મકાનમાં કંજરી હાઈવે પાસે હાલોલ તા.હાલોલ જી.પંચમહાલ મુળ રહે. ઘર નં.૧૦૪, મોતી વાસ મોરથલ ગામ તા.ડીસા જી.બનાસકાંઠાવાળાને કંજરી હાઈવે પાસે હાલોલ જી.પંચમહાલ ખાતેથી ઝડપી પાડી તેની પુછપરછ કરતા જણાવેલ કે, તા.૨૫/૦૧/૨૦૧૦ ના રોજ સુરત શહેર એસ.ઓ.જી., પોલીસ દ્વારા વરાછા રોડ ગીતાજંલી ત્રણ રસ્તા રાજહંસ પોઈન્ટ શોપીંગ સેન્ટર ખાતેથી આરોપીઓ ભાવીન ઉર્ફે રાકેશ નારાયણભાઈ પટેલ રહે. વાંસદા ગામ ચંપાવાડી ફળીયુ તા.વાંસદા જી.નવસારી તથા રાયમલભાઈ ઉર્ફે રાજુ જોઈતાજી દેસાઈ રહે.ગામ ખીમત ગોડીયા ફળીયુ તા.ધાનેરા જી.બનાસકાંઠા નાઓને રૂ.૧૦૦/-, રૂ.૫૦૦/- ના દરની ભારતીય ચલણની ડુપ્લીકેટ નોટો કિં.રૂ.૨૯,૩૦૦/- સાથે પકડેલ હતા જે પકડાયેલ નોટો પોતાએ આપેલ હોવાથી તેને આ ગુન્હામાં વોન્ટેડ બતાવતા તે પોતાના વતન ખાતેથી ભાગી જઈ પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે જતો રહેલ અને ત્યાં બટેટા વેચવાનુ કામ કરવા લાગી ગયેલ હોવાની હકીકત જણાયેલ હોય જેઓને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

નોંધ :- સદરહુ ગુનામાં પકડાયેલ આરોપીઓ (૧) ભાવીન ઉર્ફે રાકેશ નારાયણભાઈ પટેલ (૨) રાયમલભાઈ ઉર્ફે રાજુ જોઈતાજી દેસાઈ નાઓને નામદાર સેશન્સ કોર્ટ સુરત નાઓએ દસ વર્ષની સજાનો હુકમ કરેલ છે.